પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૯૬ | ૧૬ જુન, ૨૦૨૨, ગુરૂવાર; જયેષ્ઠ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

5G સર્વિસ માટે મેગા સ્પેક્ટ્રમ ઓક્શનને લીલીઝંડી

દેશમાં 5G સર્વિસ ટૂંકમાં શરૂ થવાની સંભાવના : ૨૦ વર્ષના સમયગાળા માટે ૭૨ ગીગાહર્ટ્ઝથી વધુ સ્પેક્ટ્રમની હરાજી જુલાઈના અંતમાં થશે, હરાજીથી સરકારને ૪.૫ લાખ કરોડની કમાણીની ધારણા : કેન્દ્ર સરકાર દ્વારા પજી સર્વિસ માટે મેગા સ્પેક્ટ્રમ ઓક્શન માટે લીલીઝંડી

નવી દિલ્હી, તા.૧૫

હવે ભારતમાં ટૂંક સમયમાં 5G સર્વિસ શરૂ થઈ જશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા પજી સર્વિસ માટે મેગા સ્પેક્ટ્રમ ઓક્શન માટે લીલીઝંડી આપી દીધી છે. સરકાર દ્વારા ૨૦ વર્ષના સમયગાળા માટે ૭૨ ગીગાહર્ટ્ઝથી વધુ સ્પેક્ટ્રમની હરાજી કરવામાં આવશે અને જુલાઈ ૨૦૨૨ના અંતમાં સ્પેક્ટ્રમ હરાજી કરવામાં આવશે. રિઝર્વ પ્રાઈસ પર પજ્સ્પેક્ટ્રમ હરાજીથી સરકારને ૪.૫ લાખ કરોડ રૂપિયાની કમાણી થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્પેક્ટ્રમ હરાજીની આ પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવશે. પીએમ નરેન્દ્ર મોદીની અધ્યક્ષાવાળી કેબિનેટે સ્પેક્ટ્રમની



હરાજી માટે આગળ વધવા મંજૂરી આપી દીધી છે. જુલાઈ ૨૦૨૨ના અંત સુધીમાં યોજાનારી હરાજી માટે કુલ ૭૨૦૯૭.૮૫ MHz સ્પેક્ટ્રમ મૂકવામાં આવશે અને તેનો સમયગાળો ૨૦ વર્ષનો રહેશે. આ હરાજીમાં વિવિધ નીચા (૬૦૦ MHz, ૭૦૦ MHz, ૮૦૦ MHz, ૯૦૦ MHz, ૧૮૦૦ MHz, ૨૧૦૦ MHz, ૨૩૦૦ MHz), મધ્ય (૩૩૦૦ MHz) અને ઉચ્ચ (૨૬ MHz) આવર્તન બેન્ડની હરાજી કરવામાં આવશે. જાહેર અને ખાનગી સાહસોને પજ સેવાઓ પ્રદાન કરવા માટે સફળ બિડર્સને સ્પેક્ટ્રમ સોંપવામાં આવશે.

ટેલિકોમ સેવા પ્રદાતાઓ દ્વારા મિડ અને હાઈ બેન્ડ સ્પેક્ટ્રમનો ઉપયોગ સ્પીડ અને ક્ષમતા પ્રદાન કરવામાં સક્ષમ પજ ટેક્નોલોજી-આધારિત સેવાઓને રોલ-આઉટ કરવા માટે કરવામાં આવશે, જે વર્તમાન ૪જ સેવાઓ દ્વારા શક્ય છે તેના કરતા લગભગ ૧૦ ગણી વધારે હશે. સપ્ટેમ્બર, ૨૦૨૧માં જાહેર કરાયેલા ટેલિકોમ સેક્ટર રિફોર્મ્સ દ્વારા સ્પેક્ટ્રમની હરાજીનો લાભ મળશે.

આ ઉપરાંત સરકાર દ્વારા કરવામાં આવેલાં આ સુધારાઓમાં આગામી હરાજીમાં હસ્તગત કરાયેલા સ્પેક્ટ્રમ પર શૂન્ય સ્પેક્ટ્રમ યુસેજ ચાર્જિસ (એસયુસી)નો સમાવેશ થાય છે, જે ટેલિકોમ નેટવર્ક્સ સેવા પ્રદાતાઓને ઓપરેટિંગ ખર્ચના સંદર્ભમાં રાહત પૂરી પાડશે. તેમજ એક વાર્ષિક ઈન્સ્ટોલેશનની સમકક્ષ નાણાકીય બેંક ગેરંટી સબમિટ કરવાની આવશ્યકતા પણ સરકાર દ્વારા દૂર કરવામાં આવી છે.

રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ૧૭ વિપક્ષી નેતાઓ એકમત

એક ઉમેદવાર માટે સહમતી થઈ : આપ, ટીઆરએસ, વાયએસઆર કોંગ્રેસ, અકાલી દળ અને બીજુ જનતા દળ બેઠકમાં હાજર રહ્યા ન હતા

નવી દિલ્હી, તા.૧૫

આગામી મહિને યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને રાજકીય દાવનો ખેલ શરૂ થઈ ગયો છે. અત્યારે ન તો સત્તાધારી એનડીએએ ઉમેદવારને લઈને પોતાનું પત્તું ખોલ્યું છે કે ન તો વિપક્ષી પાર્ટીઓએ, પરંતુ સંભવિત નામોને લઈને વિપક્ષી છાવણીમાં વિચાર-મંથનનો રાઉન્ડ શરૂ થઈ ગયો છે. પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન અને ટીએમસીના વડા મમતા બેનર્જીએ વિપક્ષને એક કરવા અને એનડીએ સામે સંયુક્ત ઉમેદવાર ઊભા કરવા માટે આગેવાની લીધી છે. તેમણે બુધવારે દિલ્હીમાં વિપક્ષી પાર્ટીઓની બેઠક બોલાવી હતી જેમાં ૧૭ પાર્ટીઓના અનેક નેતાઓએ હાજરી આપી હતી. પરંતુ રાષ્ટ્રપતિની ચૂંટણીના બહાને વિપક્ષી એકતાની આ કવાયતને શરૂઆતથી જ ઝટકો લાગી રહ્યો છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બુધવારે દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબમાં વિરોધ પક્ષોની બેઠક યોજી હતી. જેનો હેતુ એનડીએ વિરુદ્ધ વિપક્ષના સંયુક્ત ઉમેદવારના મેદાન પર સર્વસંમતિ સાધવાનો છે. શરદ પવારની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં એવો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો કે વિરોધ પક્ષો એનડીએ સામે એક સામાન્ય ઉમેદવારને મેદાનમાં ઉતારશે.

બેઠક બાદ પ્રેસ કોન્ફરન્સમાં મમતા બેનર્જીએ

કહ્યું કે મોટાભાગના વિપક્ષી દળો ઈચ્છે છે કે શરદ પવાર રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બને. જો તે તેના માટે તૈયાર છે, તો દરેક તેને ટેકો આપશે. જો તે આ માટે તૈયાર ન હોય તો તેમની અધ્યક્ષતામાં ઉમેદવારની પસંદગી કરવામાં આવશે. વાસ્તવમાં, મમતા બેનર્જી આ મરાઠા નેતાને વિપક્ષ તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવવા માગે છે.

કોરોનાના એક્ટિવ કેસ ૫૦ હજારને પાર

દેશમાં કોરોનાના ૮,૮૨૨ નવા કેસ : છેલ્લા ૨૪ કલાકમાં ૧૫ સંક્રમિતોના મોત થયા : એક્ટિવ કેસનો આંકડો ૫૩ હજારને પાર થઈ ગયો છે જ્યારે દૈનિક પોઝિટિવિટી રેટ ૨ ટકા જોવા મળ્યો છે

નવી દિલ્હી, તા.૧૫

ભારતમાં કોરોના કેસમાં ગઈકાલ કરતાં આજે મોટો વધારો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮,૮૨૨ નવા કેસ અને ૧૫ સંક્રમિતોના મોત થયા છે. એક્ટિવ કેસનો આંકડો ૫૩ હજારને પાર થયો છે. દૈનિક પોઝિટિવિટી રેટ ૨ ટકા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, દેશમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૫૩,૬૩૭ થઈ છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૫,૨૪,૭૯૨ પર પહોંચ્યો છે. દેશમાં ૪,૨૬,૬૭,૦૮૮ લોકો કોરોના સામેજંગ જીત્યા છે. દેશમાં અત્યાર સુધીમાં ૧૯૫,૫૦,૮૭,૨૭૧ રસીના ડોઝ આપવામાં આવ્યા છે.જેમાંથી ગઈકાલે ૧૧૩,૫૮,૬૦૭ ડોઝ આપવામાં આવ્યા હતા. દેશમાં ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧થી રસીકરણશરૂ થયું હતું.

જૂન ૨૦૨૨માં નોંધાયેલા કેસ આ પ્રમાણે છે. ૧૪ જૂન મંગળવારે ૬૫૯૪ નવા કેસ નોંધાયા હતા. ૧૩ જૂન સોમવારે ૮૦૮૪ નવા કેસ અને ૧૦ સંક્રમિતોના મોત થયા. ૧૨ જૂન રવિવારે ૮૫૮ નવા કેસ અને ૪ સંક્રમિતોના મોત થયા. ૧૧ જૂન શનિવારે ૮૩૨૯ નવા કેસ અને ૧૦ સંક્રમિતોના મોત થયા. ૧૦ જૂન શુક્રવારે ૭,૫૮૪ નવા કેસ અને ૧૦ સંક્રમિતોના મોત થયા. ૯ જૂન ગુરુવારે ૭૨૪૨ નવા કેસ અને ૮ સંક્રમિતોના મોત થયા. ૮ જૂનબુધવારે ૫૨૩૩ નવા કેસ અને ૭ સંક્રમિતોના મોત થયા.

યુએઈનો ભારતમાંથી ઘઉંની આયાત બંધ કરવાનો નિર્ણય

ગલ્ફ દેશની ઇકોનોમી મિનિસ્ટ્રીએ આ નિર્ણય લેવા પાછળના કારણ તરીકે વૈશ્વિક વેપાર પ્રવાહમાં અવરોધોને ટાંક્યા : રશિયા-યૂક્રેન યુદ્ધ વચ્ચે વિશ્વમાં ઘઉંનો સ્ત્રોત ભારત

દુબઈ, તા.૧૫

તુર્કી બાદ હવે સંયુક્ત આરબ અમિરાતે ભારતમાંથી ઘઉંની આયાત બંધ કરવાનો નિર્ણય લીધો છે. સંયુક્ત આરબ અમીરાત (યુએઇ) એ ભારતમાંથી ઘઉં અને ઘઉંના લોટની નિકાસ અને પુનઃનિકાસને ચાર મહિના માટે સ્થગિત કરવાનો આદેશ આપ્યો છે, એવુ સ્ટેટ ન્યૂઝ એજન્સીએ જણાવ્યુ છે. રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધ બાદ હાલ સમગ્ર વિશ્વમાં ભારત જ ઘઉંની સપ્લાયનો મુખ્ય સ્ત્રોત છે.

ગલ્ફ દેશની ઈકોનોમી મિનિસ્ટ્રીએ આ નિર્ણય લેવા પાછળના કારણ તરીકે વૈશ્વિક વેપાર પ્રવાહમાં અવરોધોને ટાંક્યા હતા, પરંતુ ઉમેર્યું હતું કે, ભારતે યુએઈમાં સ્થાનિક વપરાશના ઉદ્દેશ્ય માટે ઘઉંની નિકાસને મંજૂરી આપી છે. યુએઇના મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યુ છે કે, ભારતે ૧૩મી મેના રોજ નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે તેની પહેલા યુએઈમાં આયાત કરાયેલા ભારતીય ઘઉંની નિકાસ અથવા પુનઃ નિકાસ કરવા ઈચ્છતી કંપનીઓએ પહેલા મંત્રાલયને અરજી કરીને મંજૂરી મેળવવી પડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વૈશ્વિક નિકાસ માંગમાં મોટી વૃદ્ધિ અને ઓછા ઉત્પાદનને પગલે સ્થાનિક બજારમાં ઘઉંના ભાવ વધ્યા હતા, જેને પગલે ભારતય સરકારે ૧૪ મે, ૨૦૨૨ના રોજ ખાનગી વેપારીઓ- નિકાસકારો દ્વારા દેશમાંથી ઘઉંની નિકાસ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે. જો કે અન્ય દેશોની વિનંતી કે આવશ્યકતાને ધ્યાનમાં રાખી બંને દેશોની સરકારો વચ્ચેના સંબંધોના આધારે ઘઉંની નિકાસ ચાલુ રાખવાની વાત કહી હતી. ત્યારબાદથી અત્યાર સુધીમાં કેન્દ્ર સરકારે ૪૬૯,૨૦૨ ટન ઘઉંની શિપમેન્ટને મંજૂરી આપી છે.

દિલ્હી સહિત અનેક રાજ્યોમાં પેટ્રોલ-ડીઝલની ભારે અછત

ભારે મોંઘવારી વચ્ચે દેશ પર વધુ એક મોટું સંકટ : દિલ્હી, ઉત્તર પ્રદેશથી લઈને મધ્યપ્રદેશ સુધી ઉત્તરાખંડથી લઈને હિમાચલ પ્રદેશ સુધી પેટ્રોલ અને ડીઝલની અછત

નવી દિલ્હી, તા.૧૫

ભારે મોંઘવારી વચ્ચે વધુ એક સંકટ દેશમાં મંડરાઈ રહ્યુ છે. દેશના કેટલાક રાજ્યોમાં પેટ્રોલ અને ડીઝલની અછત જોવા મળી રહી છે. દિલ્હી, ઉત્તર પ્રદેશથી લઈને મધ્યપ્રદેશ સુધી ઉત્તરાખંડથી લઈને હિમાચલ પ્રદેશ સુધી પેટ્રોલ અને ડીઝલની અછત જોવા મળી રહી છે. આ રાજ્યોમાં ક્યાંક પેટ્રોલ પંપ પર પેટ્રોલ-ડીઝલનો પુરવઠો નથી તો ક્યાંક પેટ્રોલ પંપો પર વાહનોની લાંબી લાઈન જોવા મળી રહી છે.

ખાસ કરીને ડીઝલની અછત જોવા મળી રહી છે. પ્રાઈવેટ કંપનીઓ રિલાયન્સ અને એસ્સારના પેટ્રોલ પંપ તો બંધ કરી દેવાયા છે. કારણ છે કાચા તેલની વધતી કિંમતોના કારણે ખાનગી કંપનીઓના વેચાણમાં ખોટ થઈ હોવાનુ જણાવાઈ રહ્યુ છે. તેથી હવે તેમણે સપ્લાય બંધ કરી દીધો છે. છેલ્લા કેટલાક દિવસથી કાચા તેલ ૧૨૦થી ૧૨૫ ડોલર પ્રતિ બેરલ આંતરરાષ્ટ્રીય બજારમાં વેચાઈ રહ્યુ છે.

દિલ્હી અને રાજસ્થાનમાં સૌથી વધારે સંકટ જોવા મળી રહ્યુ છે. ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા પેટ્રોલ પંપ ડીલર એસોસિએશનના અધ્યક્ષ અજય બંસલે દિલ્હીથી જણાવ્યુ કે હજુ દિલ્હીમાં પુરવઠામાં કોઈ ખાસ મુશ્કેલી નથી પરંતુ કંપનીઓએ પેટ્રોલ-ડીઝલ પુરવઠાનો ક્વોટા શરૂ કરી દીધો છે.

પહેલા આ પ્રકારનો ક્વોટા નહોતો, પરંતુ પંપ ડીલરોને વધારેમાં વધારે માલ ઉઠાવવા માટે કહેવામાં આવતુ હતુ. હવે પેટ્રોલ પંપનો ક્વોટા નક્કી કરી દેવાયો છે. દરેક પેટ્રોલ પંપને તેમના ક્વોટા અનુસાર જ પેટ્રોલ-ડીઝલની સપ્લાય કરવામાં આવી રહી છે.

ભારત સરકાર ઝડપથી આ સંકટને હલ કરવા પર કામ કરી રહી છે અને આજે સ્થિતિ ૧૪ જૂન કરતા સારી છે. ઉથી ૪ દિવસમાં પરિસ્થિતિ સમગ્ર રીતે સામાન્ય થઈ જવાની આશા છે.

ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ સાત દિવસના રિમાન્ડ પર

સિંગર સિદ્ધૂ મૂસેવાલા મર્ડર કેસમાં મનસા કોર્ટે પંજાબ પોલીસના બિશ્નોઈના રિમાન્ડ મંજૂર કર્યા

મુંબઈ, તા.૧૫

પંજાબ પોલીસે સિંગર સિદ્ધૂ મૂસેવાલા મર્ડર કેસના કનેક્શનમાં ગેંગસ્ટર લોરેન્સ વિશ્નોઈને બુધવારે મનસા કોર્ટમાં રજૂ કરીને ૭ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. મૂસેવાલાની ઘાતકી હત્યાના કેસમાં દિલ્હીની કોર્ટે પંજાબ પોલીસને લોરેન્સ બિશ્નોઈના ટ્રાઝિસ્ટ રિમાન્ડ આપી દીધા હતા. પંજાબ પોલીસ સિંગર સિદ્ધૂ મૂસેવાલાના મર્ડર કેસની તપાસ કરી રહી છે. ૨૯ મેએ મૂસેવાલાની જવાહર કે ગામમાં ગોળી મારીને હત્યા કરી નાખવામાં આવી હતી. તસવીરો સામે આવી રહી છે તેમાં દેખાય છે કે પકડાયા પછી પણ બિશ્નોઈની અક્કડ જરાય ઓછી થઈ રહી નથી.

પોલીસ દ્વારા આ હત્યાકાંડમાં સંદિગ્ધ ગેંગસ્ટર બિશ્નોઈનું કનેક્શન શોધવામાં આવી રહ્યું છે. બુધવારે મનસા કોર્ટે પંજાબ પોલીસના બિશ્નોઈના ૭ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. મૂસેવાલાની હત્યા પછી કેનેડાના એક ગેંગસ્ટર ગોલ્ડી બરાડે તેની જવાબદારી લીધી હતી. બરાડે એક ફેસબૂક પોસ્ટ દ્વારા હત્યાની જવાબદારી લીધી હતી. ખબર એવી છે કે ગોલ્ડી બરાડ વિશ્નોઈ ગેંગનો જ સભ્ય છે. ભારે પોલીસબળની હાજરીમાં બિશ્નોઈને બુધવારે મનસા કોર્ટના મુખ્ય જજ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો.

પંજાબ પોલીસે મંગળવારે બિશ્નોઈની ઔપચારિક રીતે ધરપકડ કરી દિલ્હીની કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટે તેના ટ્રાઝિસ્ટ રિમાન્ડના આદેશને જારી કરી દીધો હતો. જાણકારી મુજબ પંજાબ પોલીસે બિશ્નોઈ ગેંગના બે સક્રિય સભ્યોની ધરપકડ કરી છે. કહેવાય છે કે આ બન્ને ગગનદીપ સિંહ ઉર્ફે ગાગી અને ગુરપ્રીત સિંહ ઉર્ફે ગોપી, ગોલ્ડી બરાડના ઈશારે કામ કરી રહ્યા હતા.

હવેથી જન્મ અને મૃત્યુના ડેટાને આધાર કાર્ડ સાથે જોડાશે

આધારનો દુરૂપયોગ અટકાવવા પાયલટ પ્રોગ્રામ શરૂ કરાશે : નવજાત શિશુને એક કામચલાઉ આધાર નંબર અપાશે, બાદમાં તેને બાયોમેટ્રિક ડેટા સાથે અપગ્રેડ કરી દેવાશે

નવી દિલ્હી, તા.૧૫

આધારનો દુરૂપયોગ અટકાવવા માટે અને તેનો વ્યાપ, સુરક્ષા વધારવા માટે યુઆઈડીએઆઈ (યુઆઈડીએઆઈ)એ તૈયારી કરી લીધી છે. હવેથી કોઈ પણ વ્યક્તિ આધાર કાર્ડનો મિસયુઝ નહીં કરી શકે.

હવેથી જન્મ અને મૃત્યુના ડેટાને આધાર કાર્ડ સાથે જોડવામાં આવશે. તે માટે યુઆઈડીએઆઈ દ્વારા ટૂંક સમયમાં જ પાયલટ પ્રોગ્રામ શરૂ કરવામાં આવશે.

હવેથી નવજાત શિશુને પણ એક કામચલાઉ આધાર નંબર આપવામાં આવશે તથા બાદમાં તેને બાયોમેટ્રિક ડેટા સાથે અપગ્રેડ કરી દેવામાં આવશે. ઉપરાંત કોઈ વ્યક્તિનું મૃત્યુ થવા પર તેના મૃત્યુની નોંધણીના રેકોર્ડને પણ આધાર સાથે જોડવામાં આવશે જેથી તે નંબર્સનો મિસયુઝ ન થઈ શકે. ઉલ્લેખનીય છે કે, આધારને વર્ષ ૨૦૧૦માં લોન્ચ કરવામાં આવ્યું હતું તથા દેશની લગભગ તમામ વયસ્ક વસ્તીને તેમાં એનરોલ કરી દેવામાં આવી છે.

એક અધિકારીના કહેવા પ્રમાણે જન્મની સાથે જ આધાર નંબર અલોટ કરવાથી એ સુનિશ્ચિત થઈ શકશે કે બાળક અને પરિવારને સરકારી યોજનાઓનો લાભ મળી રહેશે. તેના દ્વારા કોઈ પણ વ્યક્તિ સામાજીક સુરક્ષાના લાભથી વંચિત નહીં રહે. એ જ રીતે મૃત્યુ અંગેના ડેટાને આધાર સાથે જોડવાથી ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી) યોજનાના દુરૂપયોગને રોકી શકાશે. અત્યારે એવા અનેક કેસ સામે આવે છે જેમાં લાભાર્થીના મૃત્યુ બાદ પણ તેના આધારનો ઉપયોગ કરવામાં આવતો હોય.

યુઆઈડીએઆઈ દ્વારા ઝીરો આધાર અલોટ કરવાની પણ યોજના બનાવવામાં આવી છે. તેના લીધે બોગસ આધાર નંબર જનરેટ નહીં થઈ શકે.

નૂપુર શર્માએ પોલીસ સમક્ષ હાજર થવા સમય માગ્યો

ભાજપમાંથી સસ્પેન્ડ નેતા નવીન કુમાર જિંદાલ આજે મહારાષ્ટ્રની ભિવંડી પોલીસ સમક્ષ હાજર થયા નહોતા

નવી દિલ્હી, તા.૧૫

હજરત મહોમંદ પયગંબર પર આપત્તિજનક ટિપ્પણીના મામલમાં ભાજપમાંથી સસ્પેન્ડ થયેલા નેતા નવીન કુમાર જિંદાલ આજે મહારાષ્ટ્રની ભિવંડી પોલીસ સમક્ષ હાજર થયા નહોતા.

જ્યારે સસ્પેન્ડ થયેલા પ્રવક્તા નુપુર શર્માએ પોલીસ સમક્ષ હાજર થવા માટે ચાર સપ્તાહનો સમય માંગ્યો છે. આજે પોલીસે તેમને પૂછપરછ કરવા માટે બોલાવ્યા હતા.પોલીસ આ સંદર્ભમાં તેમનુ નિવેદન નોંધવા માંગતી હતી. જોકે જિંદાલ આજે પોલીસ મથકે પહોંચ્યા નહોતા.પોલીસને આ અંગે તેમના તરફથી કોઈ જાણકારી પણ અપાઈ નહોતી.ઉલ્લેખનીય છે કે, ટિપ્પણીના મામલામાં ભિવંડી પોલીસમાં નુપુર શર્મા અને નવિન જિંદાલ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. એ પછી ગત શુક્રવારે દેશભરમાં વિરોધ પ્રદર્શન થયા હતા અને હિંસા પણ ફાટી નિકળી હતી.

અગ્નિવીરોને CAPFs-આસામ રાઈફલ્સમાં મળશે પ્રાથમિકતા

ગૃહ મંત્રાલયે આ યોજનામાં ૪ વર્ષ પૂરા કરનારા અગ્નિવીરોને CAPFs અને અસમ રાઈફલ્સમાં ભરતી માટે પ્રાથમિકતા આપવાનો નિર્ણય લીધો છે

નવી દિલ્હી,તા.૧૫

દેશની ત્રણેય સેનાઓમાં ભરતી માટે શરૂ કરાયેલી નવી 'અગ્નિપથ યોજના' અંગે મહત્વનું નિવેદન આવ્યું છે. ગૃહ મંત્રાલયે આ યોજનામાં ૪ વર્ષ પૂરા કરનારા અગ્નિવીરોને ઝછઁઞજ અને અસમ રાઈફલ્સમાં ભરતી માટે પ્રાથમિકતા આપવાનો નિર્ણય લીધો છે. ગૃહ મંત્રાલય તરફથી કહેવામાં આવ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ નિર્ણયથી 'અગ્નિપથ યોજના'થી તાલિમબદ્ધ યુવાઓ આગળ પણ દેશની સેવા અને સુરક્ષામાં પોતાનું યોગદાન આપી શકશે. આ નિર્ણય પર વિસ્તૃત યોજના બનાવવાનું કામ શરૂ કરી દેવાયું છે. અગ્નિપથ યોજનામાં દર વર્ષે લગભગ ૪૫ હજાર યુવાઓને સેનામાં સામેલ કરાશે. સાડા ૧૭ વર્ષથી ૨૧ વર્ષની ઉંમરના યુવાઓને જ આ યોજનાનો લાભ મળી શકશે. આ ભરતી મેરિટ અને મેડિકલ ટેસ્ટના આધારે કરાશે. પસંદગી પામેલા યુવાઓને ચાર વર્ષ માટે સેનામાં સેવા આપવાની તક મળશે. આ ચાર વર્ષોમાં અગ્નિવીરોને ૬ મહિનાની બેઝિક મિલેટ્રી ટ્રેનિંગ આપવામાં આવશે. ભરતી થયેલા યુવકો અગ્નિવીરો કહેવાશે. અગ્નિવીરોને ૩૦ હજારથી લઈને ૪૦ હજાર સુધીના મહિને પગાર અને અન્ય ફાયદા મળશે. આ દરમિયાન અગ્નિવીરો ત્રણેય સેનાના સ્થાયી સૈનિકોની જેમ એવોર્ડ, મેડલ અને વીમા મેળવી શકશે. ચાર વર્ષ પૂરા થયા બાદ ૨૫ ટકાને સ્થાયી કેડરમાં ભરતી કરાશે પણ તે સમયે જે પ્રમાણે ભરતી નીકળી હશે તે મુજબ. ચાર વર્ષ બાદ જે અગ્નિવીરો સેવા નિવૃત્ત થશે તેમને સેવા નીધિ પેકેજ હેઠળ લગભગ ૧૨ લાખ જેટલી રકમ એક સાથે મળશે. ચાર વર્ષ પૂરા થયા બાદ ભલે ૨૫ ટકા અગ્નિવીરોને સ્થાયી કેડરમાં ભરતી કરવામાં આવે પરંતુ સવાલ અહીં એ ઊભો થાય છે કે દસમા કે બારમા ધોરણ પાસ કરીને

● અનુસંધાન પાન-૭ પર